## જ્ઞાનમાર્ગીધારાનાં સાહિત્યસ્વરૂપો.

નાથ પરમ્પરા અને સન્ત પરમ્પરાની ચર્ચા કરતી વેળાએ આ પરમ્પરાઓએ ઉપજાવેલાં કેટલાંક વિશિષ્ટ સાહિત્યસ્વરૂપોનો પરિચય કરાવ્યો હતો, એટલે અહીં પુનરાવર્તન ટાળીને, આપણી જ્ઞાનમાર્ગીધારાનાં કેટલાંક વિશિષ્ટ સાહિત્યસ્વરૂપોનો પરિચય કરીએ. એક રીતે જોઇએ તો આ સાહિત્યસ્વરૂપો પૈકી વાણી, રવેણી, ગીતા જેવાં થોડાં જ સ્વરૂપો, આ પરમ્પરા-નાં, વિશિષ્ટ ગણી શકાય એમ છે. બાકીનાં પૈકી બારમાસી, તિથિ, વાર, કક્કો, બાવની, બારાખડી, સાખી, રૂપકગ્રન્થી વગેરે સ્વરૂપો અન્ય ધારાનાં સાહિત્યમાં પણ છે જ. ગીતા પણ એમ તો પ્રેમલક્ષણાભક્તિનાં સગુણોપાસનાના સાહિત્યમાં છે,

આ સાહિત્યસ્વરૂપકો પૈકી ગેય <u>પદરચના</u>નું મૂળ જયદેવની કૃતિઓમાં હોય. બૌધ્ધ ચર્યાગાનમાં પણ આ પ્રકારની ગેય રચનાઓ છે. આ વિશેની વીગત સન્ત-પરમ્પરાના અભ્યાસ ને અંતે આપી છે. <u>સાખી</u> એટલે સાક્ષાત્ અનુભવની, અપરોક્ષાનુભૂતિની વાણી. આ રીતે એ શબ્દ "સાક્ષી" શબ્દનું રૂપાન્તર હોય એમ બને. કબીરના બીજકની ૩૫૩ મી સાખીમાં એ વિશે કહ્યું છે:

સાખી આંખો જ્ઞાનકી, સમુઝિ દેખુ મનમાંહિ,
બિનુ સાખી સંસારકા ઝગરા છૂટત નાહિ,

આમ જ્ઞાન જ્યારે દેખતું થાય, જ્ઞાનના અન્તશ્ચક્ષુ ખૂલે ત્યારે જે વાણો પ્રગટે તે સાખી. સાધકને માટે આ સાખી તત્ત્વનિર્ણાયિક પ્રમાણરૂપ હોવાથી એના જ્ઞાનચક્ષુરૂપ એ બની રહે છે. એનું સ્વરૂપ દોહાને મળતું છે. "આદિગ્રન્થમાં" સાખીને "સલોકા" કહીને પણ ઓળખાવી છે. નાથપરમ્પરામાં સાખીને સ્થાને "સબદ" સંજ્ઞા વપરાય છે. આ સાખીના સંગ્રહને વિષયાનુસાર વિવિધ અંગોમાં વહેંચી નાંખવામાં આવે છે. કબીરે આ "અંગ" સંજ્ઞાનો ઉપયોગ "લક્ષણ"ના અર્થ માં પણ કર્યો છે. આપણી જ્ઞાનમાર્ગીધારાના સાહિત્યમાં અખાની, લાલદાસની ને પ્રીતમની સાખીઓ જાણીતી છે.

<u>રૈવેણી</u> કે રમૈનીનો પ્રકાર ગોરખનાથની રચના "પ્રાણસંકલી" ને અનુસરે છે. એ રચનામાં માત્ર એકલી ચોપાઇઓ હતી, કબીરે એમાં દોહા ઉમેરે છે. આપણા કવિઓએ "રૈવેણી" બહુ લખી નથી.

<u>કક્કો</u>-એ આ પરમ્પરાનું જાણીતું સાહિત્યસ્વરૂપ છે. આ પરમ્પરાના લગભગ પ્રત્યેક કવિએ કક્કો લખ્યો છે. આ "કક્કા"ના સ્વરૂપની રચના આમ તો ઉપનિષદ્કાળથી ચાલી આવે છે. अक्षमालोपनिषत् માં સોળ સ્વરો અને ક થી હ ળ અને ક્ષ સુધી સ્વરો વ્યંજનોનું નિરૂપણ છે. ચૌદમા શતકના જૈન કવિઓની "કક્ક"ને "માતૃકા"ના સ્વરૂપની શ્રી ચીમનલાલ દલાલ સંપાદિત "પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ"માં છે. "સાલીભદ્ર કક્ક"માં દરેક વર્ણ માટે ~~"આ" કાર અને "આ" કાર એમ બે દુહા આપ્યા છે. "માતૃકા" આપણા સંતકવિઓની "બાવની"ના સ્વરૂપની હતી. એમાં સ્વરોનો સમાવેશ પણ~~

"અ"કાર અને "આ"કારના એમ બે દુહા આપ્યા છે."માતૃકા" આપણા સંતકવિઓની "બાવનીઓ ના સ્વરૂપની હતી.એમાં સ્વરોનો સમાવેશ પણ કરવામાં આવતો.ઘણુંખરું એ "દોહા"ના રચનાબંધમાં રચાતી ઉપદેશપ્રધાન રચનાઓ હતી.પણ

માઇય બાવન અક્ષર સાર,ચઉપઇબંધિ પઢિઉં સુવિચારૂ(કે.કા.શાસ્ત્રીકૃત" આપણા કવિઓ.પૃ.૧૮૭-૮૯)

સૂચવે છે તેમ "ચઉપઇ બંધ" માં પણ એની રચના થતી.કક્કા અથવા કકહરા પ્રકાર નાથપરમ્પરામાં પણ પ્રચલિત હતો.આ ઉપરાંત "ચૌંતીસી" તથા "બાવની" પણ નાથપરમ્પરાના સાહિત્ય માં હતી.પ્રીતમની "રૈંવેણી" નાથપરમ્પરાની "અક્ષરક્રમની રમૈની" ને જ અનુસરે છે.

સૂફી સાહિત્યમાં "અલિફનામા" અને "સિહર્ફી" આ જ પ્રકારની જાણીતી રચનાઓ છે.આ પૈકી ફારસીના ત્રીસ અક્ષરોને પ્રત્યેક પંક્તિના પ્રારંભમાં મૂકીને કરેલી યારી સાહેબની રચના તથા બુલ્લાશાહની સિહર્ફી એ જાણીતી રચનાઓ છે."આદિ ગ્રન્થ"માં "બાવની" ને"બાવન અખરી" કહીને ઓળખાવી છે.એની પદીઓમાં પ્રારંભમાં આકારાદિ સોળ સ્વરો ને પછી છત્રીસ વ્યંજનો આવતા.અપભ્રંશકાળથી ચાલી આવતી આ સ્વરૂપની રચનાના પણ મુખ્ય છન્દો દોહા ને ચોપાઇ જ હોય છે.કોઇકોઇ વાર કવિત,છપ્પા,સવૈયા,કુંડળિયા વગેરેનો ઉપયોગ થયેલો પણ જણાય છે.બાવન પદોના સંગ્રહને પણ કોઇક વાર "બાવની" કહેવામાં આવે છે. અખો કહે છે તેમ આ બધો "બાવનનો વિસ્તાર" છે,બ્રહ્મ તો બાવનની બહાર,વાણીથી પર છે.

આગળ કહ્યું તેમ જ્ઞાનમાર્ગીધારાના લગભગ દરેક કવિએ કક્કા લખ્યા છે.અક્ષરજ્ઞાનમાં મૂળાક્ષર ભણ્યા વિના આગળ ન જવાય તેમ બ્રહ્મજ્ઞાનમાં આ કક્કાના મૂળાક્ષરનું મહત્ત્વ છે.આપણા કવિઓએ રચેલા કક્કાઓ પૈકી અખો,પ્રીતમ,રણછોડ અને દામોદરાશ્રમના કક્કાઓ ખાસ ઉલ્લેખપાત્ર છે.અખાનો "જ્ઞાન કક્કો" ધન્યાશ્રીરાગ" ના ધોળમાં રચ્યો છે.તેમાં દુહાની દેશીનો અંતરો આવે છે.એમાં બ્રહ્મ જેવા અગોચર તત્ત્વને ગોચર બનાવવાનું રહસ્ય (ભેદ)અખો બતાવે છે.પ્રીતમના બે કક્કાઓ પૈકીનો એક "શ્રીકૃષ્ણ ઉપાસના"નું ધોળ છે,છતાં એમાં સગુણોપાસનાની ઝાઝી વાત નથી.એમાં લગ્નના ધોળમાં હોય છે તેવો ઉલ્લાસનો ઉદ્રેક છે,વળી અનુપ્રાસનો યથોચિત ઉપયોગ એને ઉપકારક નીવડે છે.બીજો કક્કો છપ્પારૂપે લખેલો છે.આ કક્કાઓમાં બ્રહ્મ અને માયાનું સ્વરૂપ,ગુરૂમહિમા,સાધનામાં કાયાનું મહત્ત્વ,સહજસાધના-આટલી મુખ્ય વાતોનું સંક્ષેપમાં નિરૂપણ છે.એમાં પ્રીતમ અવળવાણીનો પણ આશ્રય લે છે.એ કકકાઓમાં પ્રીતમનું કાવ્યત્વ પણ પ્રકટ થાય છે.દામોદરાશ્રમે "અક્ષરઅનુભવપ્રદીપિકા" એવા મોટા નામે કક્કો લખ્યો છે.એમાં આદ્ય ઓંકારમાંથી ઉદ્ભવેલી ચાર પ્રકારની વાણી અને એનો શાસ્ત્રાદિરૂપે થયેલો વિસ્તાર વર્ણવે છે.ને સાથે સાથે સંક્ષેપમાં બ્રહ્મનું સ્વરૂપ,ગુરૂનું મહત્ત્વ,સાધનાનું સ્વરૂપ અને બ્રહ્માનંદ--આટલા આ ધારાના વિષયોનું નિરૂપણ પણ કર્યું છે.રણછોડનો કક્કો પણ અપરોક્ષાનુભૂતિમાંથી નીતરતા

કાવ્યત્વવાળી નોંધપાત્ર રચના છે. આમ આ કક્કો આ ધારાના મર્મને અર્કરૂપે સંક્ષેપથી નિરૂપનાર એક વિશિષ્ટ સાહિત્યપ્રકાર બની રહે છે.

આ ધારામાં વાર, તિથિ અને બારમાસી પણ કવિઓએ લખી છે. નાથ પરમ્પરાના સાહિત્યમાં પણ આ પ્રકારો હતા તે આપણે આગળ જોઇ ગયા છીએ. રજ્જબ, સહજોબાઇ વગેરે સન્તોએ પણ આ સ્વરૂપની કૃતિઓ રચી છે.

સમયને નિરૂપણનો વિષય બનાવનાર આ સ્વરૂપની કૃતિઓ સંભોગ અને વિપ્રલંભ શૃંગારની નિષ્પત્તિમાં ઉદ્દીપન વિભાવ તરીકે સામાન્ય રીતે આવે છે. એવી મનોદશામાં સમયનું ઉત્કટ ભાન રહે તે સ્વાભાવિક છે, પણ આ પ્રકારો જ્ઞાનમાર્ગીધારાના કવિઓએ અને સંત સાધકોએ પોતાના વક્તવ્યને માટે પણ અપનાવ્યા છે. વિનયચંદ્રસૂરિરચિત "નેમિનાથ ચતુષ્પાદિકા" એ બારમાસીનો કદાચ પ્રાચીનતમ નમૂનો છે. એ બારમાસીમાં નેમિનાથના વિરહથી એની પત્નીરાજિમતીને થએલી લાગણી નિરૂપાઇ છે. આવી વિરહની બારમાસી કે ચતુર્માસીની શરૂઆત ઘણુંખરું શ્રાવણથી થાય છે.

આપણી જ્ઞાનમાર્ગીધારાના ઘણાખરા કવિઓએ વાર, તિથિ, અને માસનો પ્રકાર ખેડ્યો છે. એ પૈકી અખાના જ્ઞાનમાસ અને પ્રાગજીની બારમાસી ખાસ ઉલ્લેખને પાત્ર છે. જૈનોમાં જ્ઞાનનો ઉપદેશ આપતી "રાયચંદ્રસૂરિગુરૂબારમાસ" એ કૃતિ આ પ્રકારની છે. અખાએ ઝૂલણા છન્દમાં "જ્ઞાનમાસ"ની રચના કરી છે. અખાના "જ્ઞાનમાસ"ની વિશિષ્ટતા એ છે કે દરેક મહિનાનું નામ તોડીને એમાંથી એ શ્લેષાત્મક બીજો અર્થ ઉપજાવે છે. બ્રહ્મને સમયનું પરિમાણ નડે નહિ, માટે અખો અંતમાં કહે છે:

બારે માસ સ્વામી તે સરખો સદા,
પણ જીવ જાણ્યા વિના ભવ ભટકે,
માસને ખાસ જાણે રખે માનવી,
તુજ નિજ- રામશું બુધ્ધિ અટકે.

અખો એની [illegible] કૃતિનો આરંભ કાર્તકથી કરે છે. પ્રીતમ પણ એના "ગુરૂજ્ઞાનમાસ"માં અખાના જેવી જ શ્લેષાત્મક રચના કરવા જાય છે. દામોદરાશ્રમે સપ્તવાર, દ્વાદશ મહિના અને પંદર તિથિઓ-આ ત્રણેય પ્રકારમાં કૃતિ રચી છે. એના સપ્તવારમાં બ્રહ્મસાથેની અભેદાનુભૂતિનો ઉત્તરોત્તર ઉદય અને વિકાસ નિરૂપ્યો છે. એ એના દ્વાદશ મહિનાની શરૂઆત ચૈત્રથી કરે છે. એમાં ય ફાગણમાં "સેહેજ સમાધિનું સુખ" પ્રાપ્ત થાય ત્યાં સુધીનો ક્રમિક વિકાસ નિરૂપાયો છે. પંદર તિથિઓમાં પણ એણે "જીવચૈતન્ય"એક થયું" ને "અખંડ સુરતી લાગી" ત્યાં સુધીનો ક્રમિક વિકાસ નિરૂપ્યો છે. પ્રાગજીની બારમાસી એના કાવ્યગુણને કારણે ખાસ ઉલ્લેખપાત્ર છે. એનો શરૂઆત એ "કારતગ" થી કરે છે. ફાગણમાં "ચોદપલાશ" ફૂલે છે તેનું કરેલું વર્ણન તથા આષાઢમાં વર્ષાબ્રહ્માનંદની હેલીનું વર્ણન અને આસોમાં અખંડ બિહારીલાલના અખંડ ગોપીજન સાથે અખંડ વૃંદાવનમાં રચાતા અખંડ રાસેનું વર્ણન ખાસ નોંધપાત્ર છે.

પાત્ર છે.પ્રીતમે જુદો જુદો છ "તિથિ"ઓ લખી છે.એમાં એ હઠયોગની ષટ્ચક્રભેદનની સાધનાનો કાવ્યમય ભાષામાં ઉલ્લેખ કરે છે."મહિના" એણે પાંચ લખ્યા છે.આ"મહિનાઓ"-ની રચનામાં પ્રીતમે આપણને અત્યંત કાવ્યમય પંક્તિઓની લ્હાણ કરી છે એ આપણે આગળ જોઇ ગયા છીએ."વાર" પણ પ્રીતમે બે લખ્યા છે.એમાં સંક્ષેપમાં સરળભાષામાં એણે આ ધારા-ના મર્મની સમજ આપી છે.આ ઉપરાંત બાપુસાહેબ ગાયકવાડ અને ભોજાએ પણ આ પ્રકારની રચનાઓ આપી છે.

અહીં એક ઋતુનેજ વર્ણવતી પદરચનાઓનો પણ ઉલ્લેખ કરી લેવો જોઇએ.ઋતુઓ પૈકી વસંત અને વર્ષાનાં પદો વસ્તો,અનુભવાનંદ,અખો [redacted], વગેરેએ આધ્યા-ત્મિક અનુભૂતિને ઉંચા કાવ્યત્વથી વર્ણવીને રચ્યાં છે.ફાગણની હોરીઓ અને વર્ષાની બ્રહ્માનંદવૃષ્ટિ આ પદોમાં માણવા મળે છે.ફાગણનો ફાગ ખેલવાના,હોળી રમવાના વર્ણન દ્વારા બ્રહ્માનુભૂતિને વ્યંજિત કરતાં પદો અખો,વસ્તો અને અનુભવાનંદનાં ખાસ ઉલ્લેખપાત્ર છે. આ પ્રકારની રચનાઓ ઉત્તરભારતીય સન્તસાહિત્યમાં પણ વિપુલ પ્રમાણમાં છે.નાથસમ્પ્રદાય-માં પણ આવી રચનાઓ પ્રચલિત હતી તે આપણે આગળ જોઇ ગયા છીએ.

જ્ઞાનમાર્ગીધારાનો સૌથી મહત્ત્વનો સાહિત્યપ્રકાર તે <u>ગીતા</u>. ભૂ "ભગવદ "ભગવદ્ગીતા" નો અનુવાદ નરહરિ,રામભક્ત,પ્રીતમ વગેરે કવિઓએ ગુજરાતીમાં કર્યા છે.આ ઉપરાંત અનુભવાનંદે પદ્મપુરાણમાંની "શિવગીતા"નો અનુવાદ કર્યો છે."ભગવદ્ગીતા"ના દરેક અધ્યાયના અંતમાં श्रीमद्भगवद्गीतासूपनिषत्सु એમ આવે છે."ગીતા" એવો સ્ત્રીલિંગી શબ્દ પણ એ ઉપનિષદ્ શબ્દનું વિશેષણ હોવાથી જ પ્રયોજાયો હશે,આ ઉપરાંત ગીતાને ઓળખાવવાને ब्रह्मविद्यायां योगशास्त्रे એ સંજ્ઞાઓ વાપરી છે. આથી ગીતાને બ્રહ્મવિદ્યા સાથે સંબંધ છે.એમાં સંકુચિત અર્થના "યોગ"ની વાત છે,ને બ્રહ્મ સાથેના જીવના યોગની પણ વાત છે.એમાં બ્રહ્મ તથા માયાનું સ્વરૂપ,ત્રિગુણાત્મિકા પ્રકૃતિ,એનો પ્રપંચ,કર્મયોગ,જ્ઞાનયોગ અને ભક્તિયોગ,આસુરી અને દૈવી સંપત્તિ,સ્થિતપ્રજ્ઞના લક્ષણ,ભક્તનાં લક્ષણ અને આ નિમિત્તે અન્ય દર્શનોના મતોનો ઉલ્લેખ *તથા ક્યાંક ખંડન તો ક્યાંક સમન્વય-આટલું જોવામાં આવે છે.એ કૃષ્ણાર્જુનસંવાદરૂપે યોજાઇ છે.જ્ઞાનમાર્ગીધારાના કવિએ રચેલી ગીતાઓ પૈકી પ્રીતમની "જ્ઞાનગીતા" ગોપાળદાસની "ગોપાળગીતા" અથવા"જ્ઞાનપ્રકાશ" અને જીવણદાસની "જીવનગીતા" એ જિજ્ઞાસુ અને ગુરુના સંવાદરૂપે રચાએલી ગીતાઓ છે.નરહરિ-ની "જ્ઞાનગીતા" અખાની "અખેગીતા" અને વસ્તાની "વસ્તુગીતા" એ આવા સંવાદરૂપે લખાઇ નથી."અખેગીતા",આ સંવાદ સિવાય બીજી રીતે,ભગવદ્ગીતાને વધુ અનુરૂપ છે."અખેગીતા"ના આરંભમાં "અથ અખેગીતા" મહામોક્ષદાયિની બ્રહ્મવિદ્યા લિખ્યતે.ૐ તત્સદિતિ નિર્દેશો ઇતિ મંત્ર:"- એવું આવે છે.ભગવદ્ગીતાની જેમ એ પણ "બ્રહ્મવિદ્યા" છે.એમાં જ્ઞાનભક્તિને વૈરાગ્યનું નિરૂપણ છે,માયાને જોવાની સાચી દૃષ્ટિ છે,જીવનમુક્ત અને મહામુક્તનાં લક્ષણો છે,~~અન્ય શાસ્ત્રોના~~ ~~મતવાદોનું નિરસન કરી વેદાંતમતની પ્રતિષ્ઠા છે.આમ મોટે ભાગે એ ભગવદ્ગીતાનું ચોકઠું~~

શાસ્તોના મતો અને તેનું નિરસન કરી વેદાંતમતની પ્રતિષ્ઠા છે.આમ મોટેભાગે એ ભગવદ્ગીતા-નું ચોકઠું સાચવી રાખે છે.એ બીજી ગીતાઓની જેમ કડવાંબધ્ધ છે.પ્રીતમ એની "જ્ઞાનગીતા"માં કડવાં નહિ પણ "વિશ્રામ" એવી સંજ્ઞા વાપરે છે.વસ્તો "વસ્તુગીતા"માં "અધ્યાય" સંજ્ઞા વાપરે છે.નરહરિની "જ્ઞાનગીતા" રચનામાં આખ્યાનપધ્ધતિને અનુસરે છે.દરેક પાછળના કડવા-માં આગલા કડવામાં ચર્ચાયેલા વિષયનો સંક્ષિપ્ત સાર પ્રારંભમાં આપવામાં આવે છે.એમાં વચ્ચે વચ્ચે સંમતિસૂચક શ્લોકો આવે છે.એમાં "અખેગીતા"માં છે તેમ અન્ય શાસ્ત્રના મતો કે તેનું ખંડન નથી.એમાં ઉચિત દૃષ્ટાંતની મદદથી વિષયનું સીધું અને સરળ નિરૂપણ છે.સંતના જીવનમુક્તનાં લક્ષણો દરેક ગીતામાં હોય છે,આ ઉપરાંત ગુરુનો ને હરિજનનો મહિમા દરેક ગીતામાં આવે છે. ત્રિગુણાત્મિકા પ્રકૃતિનો વિસ્તાર દરેક ગીતામાં વીગતે વર્ણવાયો છે.બ્રહ્મસ્વરૂપનું વર્ણન પણ દરેકમાં હોય છે.સાચી સાધનાનો પરિચય એમાં આવે છે. આટલાં અંગો દરેક ગીતામાં હોય છે.આટલા સામાન્ય ચોકઠામાં રહીને ય વસ્તાએ "વસ્તુ-ગીતા"માં અને ગોપાળદાસે "જ્ઞાનપ્રકાશ"માં જે આગવો વિશેષ પ્રકટ કર્યો છે તે આપણે જોઇ ગયા છીએ.

વેદાન્તસાહિત્યમાં <u>હસ્તામલક</u> ની શિવપાર્વતીના સંવાદના સ્વરૂપની રચના પ્રચલિત છે.નરહરિએ આ કાઠું જાળવીને પોતાનું "હસ્તામલક" રચ્યું છે.તે આપણે જોઇ ગયા છીએ.ભાણદાસનું હસ્તામલક સંસ્કૃત "હસ્તામલક" નો જ વિસ્તાર છે તે પણ આપણે જોયું છે. નાથપરમ્પરાના સાહિત્યમાં "બોધ" અથવા "ગોષ્ઠિ" નો જિજ્ઞાસુ અને ગુરુ વચ્ચેનો સંવાદા-ત્મક પ્રકાર પ્રચલિત હતો.આ પ્રશ્નોત્તરી ધીરાની "પ્રશ્નોત્તરમાલિકા"માં પણ છે.અખાનો "ગુરુશિષ્યસંવાદ" તો જાણીતો છે.જગજીવનની "સપ્તાધ્યાયી" પણ ગુરુશિષ્યના સંવાદરૂપે દોહરામાં લખાયેલી સાત અધ્યાયની કૃતિ છે.એની બીજી કૃતિ "નરબોધ" આખ્યાનશૈલીએ ગુરુશિષ્યસંવાદરૂપે નવ અધ્યાયમાં રચાઇ છે.ને જ્ઞાનમાર્ગીધારાની ગીતાઓની જેમ જ વિષય-નું નિરૂપણ કરે છે.રવિસાહેબની "ભાણગીતા" કડવાંબધ્ધ રચના છે.એમાં "અખેગીતા" અને નરહરિની "જ્ઞાનગીતા"ની જેમ વિષયનું સીધું નિરૂપણ છે,ગુરુશિષ્યનો સંવાદ નથી.

વેદાન્તની અમૂર્ત સૂક્ષ્મ ભાવાત્મક વિચારણાને સ્પષ્ટ ને સુગ્રાહ્યરૂપે પ્રકટ કરવાને જ્ઞાનમાર્ગીધારાના કવિઓએ <u>રૂપક</u> અને <u>રૂપકગ્રન્થી</u> નો આશ્રય પણ લીધો છે.આવી રૂપકગ્રન્થીઓ-માં આપણને પરિચિત એવા સંદર્ભના અંગોના પર એ સૂક્ષ્મ ભાવના અંગોનું આરોપણ કરી અપરિચિતને પરિચિતની પરિભાષામાં સમજાવવાનો પ્રયત્ન કર્યો હોય છે.એની દૃઢ સમી-કરણાત્મક રચનાને કારણે એમાં કવિત્વને અવકાશ રહેતો નથી ને કાવ્યત્વ બહેલાવવાના હેતુથી આવી રૂપકગ્રન્થીઓ યોજવામાં આવતી પણ નથી.આ સ્વરૂપની રૂપકગ્રન્થીઓ નાથ-પરમ્પરાના સાહિત્યમાં પણ પ્રચલિત હતી જ.એ પૈકી વેપારનું રૂપક,સાપ અને ગારૂડીનું રૂપક, ગાય અને વાછરડાનું રૂપક જાણીતાં છે.સંતસાહિત્યમાં પણ આવી રૂપકગ્રન્થીઓ કબીરાદિની રચનાઓમાં વિપુલ પ્રમાણમાં છે તે આપણે જોઇ ગયા છીએ.આપણા આ ધારાના કવિઓએ

વ્યાપાર,સ્ત્રીપુરૂષોનો દાંપત્ય સંબંધ,વિવાહ,રેંટિયો,પત્ર,ભવાઇ,નાટક,વલોણું,સુરતક્રીડા, ભોજન,વસ્ત્રનો વણાટ,શૂર-સંગ્રામ,નગર,ફાગ-આટલા મુખ્ય રૂપકગ્રન્થીના વિષયો વાપર્યાં જણાય છે.અખો "પત્રલેખન"નું રૂપક પણ યોજે છે.દયાળનો અને ધીરાનો "સુરતસેબાઇનો વિવાહ" એ પણ આ પ્રકારની રૂપકગ્રન્થી જ છે.ગોપાળદાસનું "બુદ્ધિવહુનું ધોળ" પણ આવી જ રૂપકગ્રન્થી છે.કાયાનું નગર તરીકેનું વર્ણન,હઠયોગની ષટ્ચક્રભેદનની સાધનાનું વર્ણન,સાધનાના ક્રમિક વિકાસનું યુધ્ધની પરિભાષામાં વર્ણન રૂપકગ્રન્થીઓનો આશ્રય લઇને જ બહુધા થાય છે.કાવ્યત્વ-ને અવકાશ આપે એવી કેટલીક રૂપકગ્રન્થીઓ તે બ્રહ્માનન્દને સ્ત્રીપુરૂષના રતિસુખની પરિભાષા માં વર્ણવતી રૂપકગ્રન્થીઓ છે. The erotic and esoteric are one.

જ્ઞાનમાર્ગીધારાના કવિઓ જે વિષયનું નિરૂપણ કરે છે તે ગૂઢ અને રહસ્યમય છે.એ અપરોક્ષા-નુભૂતિનો વિષય છે,એને વર્ણવતાં વાણી પાછી પડે છે,કારણકે એ "બાવન બહાર"ની વાત છે. આમ છતાં વાણીદ્દારા જ એનો અનુભવ વર્ણવવાનો રહે છે.એમ કરવા જતાં વિરોધાભાસી ભાષા અનિવાર્યતયા વાપરવી પડે છે.આવી અવળવાણીનો આ સાહિત્યમાં સારા પ્રમાણમાં ઉપયોગ થયેલો છે જણાશે.સાધક કવિઓને જ્યારથી આવો અસાધારણ અનુભવવાનો આવ્યો ત્યારથી જ આવી અવળવાણી યોજાવા લાગી.વેદમાં દીર્ઘ યજ્ઞક્રિયા વચ્ચેના વિરામમાં પુરોહિતો "બ્રહ્મોદ્યા" ઓ બોલતાં.એમાં પ્રહેલિકાનું તત્વ હતું.ઉપનિષદ્માંની અવળવાણીઓ-ની આપણે વીગતે નોંધ લીધી છે.બૌધ્ધ વજ્રયાનમાં,સહજયાનીઓમાં આવી અવળવાણી "સન્ધાભાષા" તરીકે ઓળખાતી હતી.ઘણા ભૂલથી એને "સન્ધ્યાભાષા" કહીને ઓળખાવે છે,ને એ અંધકાર અને પ્રકાશ વચ્ચેના સાન્ધ્યસમયના અનુભવને પ્રકટ કરે છે માટે એ "સન્ધ્યાભાષા" છે એવો ખોટો અર્થ પણ કરવામાં આવે છે.વાસ્તવમાં,શ્રી વિધુશેખર ભટ્ટાચાર્યે કહ્યું છે તેમ,સંધા-ભાષા એટલે અભિસંધિસહિત એટલે કે સાભિપ્રાય ભાષા.આ "સંધા" તે સંસ્કૃત "સંધાય" નું જ અપભ્રષ્ટરૂપ છે.સાભિપ્રાય સાંકેતિક સૂચક વિશિષ્ટ ઇંગિતવાળી ભાષા તે "સંધાભાષા" કબીરાદિની રચનામાં "ઉલટબાંસિ"નો પ્રયોગ કરવામાં આવ્યો છે,તે પણ આ જ પ્રકારની "સન્ધાભાષા" છે.બાઉલોમાં પણ "હેંયાલી" હોય છે,એને "પ્રહેલિકા"ને આપણી "હરિયાળી" જોડે સંબંધ છે.

આવી સાંકેતિક,પ્રથમ દ્રષ્ટિએ વિરોધાભાસની લાગતી,ગૂઢ ભાષા યોજવાનું એક બીજુંપણ પ્રયોજન હતું.અપરોક્ષાનુભૂતિલભ્ય આ અનુભવજ્ઞાન અનધિકારીના હાથમાં જઇ નહિ પડે માટે એને આવી "કૂટ" ભાષામાં સંગોપિત કરીને રજૂ કરવામાં આવતું.મોટે ભાગે હઠ-યોગની સાધનાની વીગતો ને અનુભવો વર્ણવવામાં આ સ્વરૂપનો યોગપરક રૂપકવાળી સાંકેતિક ભાષાનો ઉપયોગ થયેલો જોવામાં આવે છે.સાચા ગુરૂની પરીક્ષા કરવા માટે પ્રહેલિકાના સ્વરૂપની અવળવાણી વસ્તા તથા ધીરાની કૃતિમાં યોજાયેલી જોઇએ છીએ.ધીરાએ "અવળવાણી" સારા પ્રમાણમાં લખી છે.પણ તે મુખ્યત્વે હઠયોગની સાધનાના ગૂઢ અનુભવને લગતી જ છે ને

તેથી તેમાં અસાધારણ વાચાતીત અનુભવની સમૃદ્ધિ નથી. એવી અવળવાણીનો કોયડા-ઉકેલ એક માનસિક કસરતનો આનંદ આપે એટલું જ. પણ ઉપનિષદ્માંની ને આપણા અખા કૃષ્ણજી, અનુભવાનંદ, નરસિંહ જેવા કવિની ~~કવિતાઓ~~ કવિતામાંની અવળવાણી મનસાતીત ને વાચાતીત એવા પરમપદની ઝાંખીને નિરૂપવા મથતો હોય છે, ને તેમાં વિરલ એવા કાવ્યાનન્દનો અનુભવ થાય છે.

આટલા આ ધારાના મહત્ત્વના સાહિત્યપ્રકારો થયા. આ ઉપરાંત ચાતુરી, મંગલ, વિનંતી જેવા કેટલાક પ્રકારો પણ છે.